
The Bell Foundation

# અંગ્રેજી શિક્ષણ પ્રણાલી વિશે: માધ્યમિક શાળાઓ

વધારાની ભાષા તરીકે અંગ્રેજીનો ઉપયોગ કરતા બાળકોના માતાપિતા માટે માર્ગદર્શન (ઇ.એ.એલ.)




## આ માર્ગદર્શનમાં શું આવરી લેવામાં આવ્યું છે?

અહી તમે કામની વ્યવહારૂ માહિતી મેળવી શકો છો તમેતમારા બાળક માટે શાળાના સ્થળ વિશેની અને અંગ્રેજી શિક્ષણ પ્રણાલીને સમજવા માટેની માહિતી મેળવી શકો છો.

ઇંગ્લેંડમાં વિવિધ પ્રકારની શાળાઓ છે, જેમાં કેટલીકમાં વાલીઓએ આના માટે ચૂકવણી કરવી પડે છે (જેમકે ફી ભરતી/ સ્વતંત્ર / ખાનગી શાળાઓ).

આ માર્ગદર્શન તમને એવી અંગ્રેજી શાળાઓ વિશે જણાવે છે કે જેના માટે તમારે ચૂકવણી કરવાની જરૂર નથી (જેમકે. સરકારી શાળાઓ). વિવિધ પ્રકારની શાળાઓમાં સમાવેશ થાય છે:

- લોકલ ઓથોરિટી (એલ.એ.) શાળાઓ - સ્થાનિક સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે
- એકેડેમી અને ફ્રી શાળાઓ - કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે, જે ઘણીવાર ટ્રસ્ટનો ભાગ હોય છે
- ફેઇથ શાળાઓ - કોઇ એક ધર્મ સાથે જોડાયેલી હોય છે

તમે સંપૂર્ણ અથવા આંશિક રીતે ઘરે તમારા બાળકને ભણાવવાનું પણ પસંદ કરી શકો છો. આને હોમ એજ્યુકેશન (અથવા ઇલેક્ટિવ હોમ એજ્યુકેશન અથવા હોમ સ્કુલિંગ) કહેવામાં આવે છે. વધુ વિગતો માટે જુઓ: **https://www.gov.uk/home-education**




## 1. હું મારા બાળક માટે શાળા સ્થળ કેવી રીતે શોધી શકું?

જો તમારું બાળક 5 થી 16 વર્ષનું હોય તો તમારા બાળક માટે શાળા સ્થળ શોધવા માટે તમારી લોકલ કાઉન્સિલનો સંપર્ક કરો (જેને લોકલ ઓથોરિટી) તમારા બાળક માટે શાળા સ્થળ શોધવા માટે.

- જો તમારું બાળક 5 થી 16 વર્ષનું હોય તો લોકલ કાઉન્સિલે સ્થાનિક વિસ્તારમાં શાળા શોધી આપવાની રહે છે
- તમે શાળા પ્રવેશ વિશે વધુ માહિતી અહીં મેળવી શકો છો:

  **https://www.gov.uk/schools-admissions**

**તમને કઈ શાળા ગમશે તે નક્કી કરવામાં તમારી સહાય કરવા માટે અહીં કેટલાક વિચારો આપવામાં આવ્યા છે:**

- સાંજના સમય દરમિયાન શાળાની મુલાકાત લો. આની શાળાની વેબસાઇટ પર જાહેરાત કરવામાં આવશે.
- તેમના તાજેતરના ઓફસ્ટેડ ઇન્સ્પેક્શન રિપોર્ટ વાંચો: **https://reports.ofsted.gov.uk/**
- શાળાની એકંદર કામગીરી તપાસો:

  **https://www.compare-school-performance.service.gov.uk/**
- અન્ય વાલીઓ શાળા વિશે શું વિચારે છે તે વિશે તેમની સાથે વાત કરો
- તેમની શાળાની વેબસાઇટ જુઓ
- કઇ શાળાઓ ઘરેલુ ભાષાની જી.સી.એસ.ઇ. પરીક્ષામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપે છે તે શોધી કાઢો (વધુ માહિતી માટે વિભાગ 5 જુઓ)

**જ્યારે તમને ખબર હોય કે તમને કઈ શાળાઓ ગમે છે, તો યાદ રાખો:**

- તમને ગમે તેવી કેટલીક શાળાઓના નામ આપીને ઓનલાઇન અરજીપત્રક ભરો
- તમારી લોકલ કાઉન્સિલની શાળા પ્રવેશ ટીમની મદદ માંગો કારણ કે શાળાની અરજી પ્રક્રિયા જટિલ હોઈ શકે છે
- કાઉન્સિલને પૂછો કે ત્યાં તમને  અન્ય લોકો, સમુદાય જૂથો અથવા દુભાષિયા મદદ કરી શકે તેમ છે

## 2. મારું બાળક કઈ ઉંમરે માધ્યમિક શાળા શરૂ કરશે?

ઇંગ્લેન્ડમાં, બાળકો તેમના 11 મા જન્મદિવસ પછી તરત જ સપ્ટેમ્બરમાં માધ્યમિક શાળા શરૂ કરે છે. માધ્યમિક શાળા વર્ષ 7 માં પ્રારંભ થાય છે (વર્ષ 1-6 પ્રાથમિક શાળામાં હોય છે) અને 11 માં વર્ષે પુરૂ થાય છે.

શૈક્ષણિક વર્ષ હંમેશાં સપ્ટેમ્બરમાં શરૂ થાય છે અને સામાન્ય રીતે જુલાઈમાં પુરૂ થાય છે. તે સામાન્ય રીતે લગભગ 13 અઠવાડિયાની ત્રણ ટર્મમાં વહેંચાયેલું હોય છે.

યુવાનો ઓગસ્ટના અંત સુધીમાં 16 વર્ષના થઈ જાય તો જૂનમાં છેલ્લા શુક્રવારે શાળા છોડી શકે છે. જો કે, 16 થી 18 વર્ષની વયના યુવાન લોકો શિક્ષણ, તાલીમ અથવા એપ્રેન્ટિસશીપમાં હોવા જોઈએ.

 કોપિરાઇટ © બેલ એજ્યુકેશન ટ્રસ્ટ લિમિટેડ (બેલ ફાઉન્ડેશન તરીકે કાર્યરત) ઓક્ટોબર 2020

## 3. શાળાના નિયમો અને રજાઓ વિશે હું કેવી રીતે જાણી શકું?

સમગ્ર ઇંગ્લેંડમાં શાળાની મુદત અને રજાની તારીખો અલગ અલગ હોય છે.

જો કે, શાળાની રજાઓ સામાન્ય રીતે ડિસેમ્બરના અંતમાં અને જાન્યુઆરી (ક્રિસમસ અને નવું વર્ષ) ની શરૂઆત; માર્ચ / એપ્રિલ (ઇસ્ટર ક્યારે આવે છે તેના આધારે) અને ઓગસ્ટમાં હોય છે. આ ઉપરાંત, મોટાભાગની શાળાઓમાં ત્રણેય ટર્મની વચ્ચે અડધી ટર્મની રજા રહેશે. દરેક શાળા નિશાનીઓઓ સાથેનું તેનું પોતાનું શાળા કેલેન્ડર પ્રકાશિત કરશે.

ઘણી શાળાઓમાં દર વર્ષે 5 ઇન્સેટ (ઇન સર્વિસ ટ્રેનિંગ) દિવસો હોય છે જેમાં શિક્ષકો તાલીમ અને સભાઓમાં ભાગ લેતા હોય છે. વિદ્યાર્થીઓ ઇન્સેટના દિવસોમાં શાળાએ જતા નથી. શાળાઓ માતાપિતાને દર વર્ષે ઇન્સેટના દિવસો વિશે જાણ કરશે.

ટર્મ અને રજાની તારીખોની જાણકારી મેળવવા માટે શાળા સાથે વાત કરો અથવા આ વેબસાઇટ જુઓ:

**https://www.gov.uk/school-term-holiday-dates**

## 4. હું શાળા પાસેથી શું અપેક્ષા રાખી શકું?

મોટાભાગની શાળાઓ તેમના પોતાના શાળા પ્રોસ્પેક્ટસ પ્રકાશિત કરે છે, આ પુસ્તિકામાં શાળા વિશેની મહત્વપૂર્ણ માહિતી પ્રદાન કરે છે. વધુમાં, શાળાની વેબસાઇટમાં શાળા વિશેની તાજી માહિતી અને સમાચારોનો સમાવેશ કરવામાં આવશે. જો તમને માહિતીના ભાષાંતરની જરૂર હોય તો શાળા પાસેથી મદદ માંગો.

તમારા બાળક માટે, ત્યાં હશે:

- સંક્રમણના દિવસો; ધોરણ 6ના વિદ્યાર્થીઓને તેની નવી માધ્યમિક શાળામાં તે કેવી લાગે છે તે જોવા માટે એક કે બે દિવસ ગાળવાની તક મળશે
- તમારા બાળકને તેમની નવી શાળામાં જીવનની સારી શરૂઆત કરવામાં સહાય માટેનો ઇન્ડક્શન પ્રોગ્રામ. જો તમારું બાળક તાજેતરમાં દેશ અથવા વિસ્તારમાં આવ્યું હોય, અથવા વર્ષના કોઇ અલગ સમયે શાળા શરૂ કરી રહ્યું હોય (એટલે કે સપ્ટેમ્બરમાં નહીં) તો આમાં વિશેષ ગોઠવણોને સમાવી શકાય છે.
- સામાન્ય રીતે સમાન વયના 30 જેટલા વિદ્યાર્થીઓના ફોર્મ કલાસનું સ્થાન. દરેક ફોર્મમાં તેમના પોતાના ફોર્મ ટ્યુટર હોય છે.
- પાઠનું નિયમિત સમયપત્રક. દરેક પાઠ વિષય નિષ્ણાત દ્વારા શીખવવામાં આવશે.
- સંપૂર્ણ અભ્યાસક્રમ મેળવવા - વધુ માહિતી માટે નીચે જુઓ
- એક સર્વસમાવેશક અભિગમ કે જ્યાં બધા બાળકો સાથે ન્યાયી વર્તન કરવામાં આવે છે
- અભ્યાસક્રમમાં જોડાયેલું નિયમિત હોમવર્ક



## મારું બાળક શાળામાં બીજું શું કરશે?

તમારું બાળક એક્ટિવિટીઓ, શાળા પ્રવાસો અને અન્ય કાર્યક્રમોમાં ભાગ લેવા માટે સક્ષમ હશે. આમાં સામેલ હોઈ શકે છે:



- સંમેલનો અને સામૂહિક પૂજા માટેની તકો. વધુ માહિતી માટે તમારી શાળાનો સંપર્ક કરો.
- ઇતર-અભ્યાસક્રમની પ્રવૃત્તિઓ અને ક્લબ, દા.ત. રમતગમત, સંગીત અને નાટક. તે ફરજિયાત નથી અને બપોરના ભોજન સમયે અથવા શાળા સમાપ્ત થયા પછી તે હોય છે. કેટલાક ક્લબો માટે થોડો ચાર્જ હોઈ શકે છે.
- શાળાઓના અભ્યાસક્રમ સાથે જોડાયેલા સ્થળોએ શાળા પ્રવાસો. આ યાત્રાઓ માટે સામાન્ય રીતે પેમેન્ટ લેવામાં આવે છે, પરંતુ શાળાઓ ઘણીવાર જરૂરી હોય ત્યાં આમાં મદદ કરવા સક્ષમ હોય છે. શિક્ષકો દ્વારા બાળકો હંમેશા સલામત રહે તે પ્રકારો શાળા પ્રવાસોનું કાળજીપૂર્વક ઓયોજન કરવામાં આવે છે. કેટલાક પ્રવાસો જી.સી.એસ.ઈ. કોર્સનો ફરજિયાત ભાગ હોય છે, જેમકે, જીસીએસઇ નાટક માટેના પ્રવાસોમાં વિદ્યાર્થીઓએ થિયેટરમાં નાટક જોવાની જરૂર પડે છે.



- નાટક પ્રદર્શન અને સંગીત સમારોહ સહિત શાળાના પ્રોડક્શનો
- રમતગમતના દિવસો, ઉનાળો અને નાતાલના મેળાઓ, ડિસ્કો અને ક્વિઝ જેવી સોશિયલ ઇવેન્ટ્સ અને ભંડોળ એકત્ર કરવાની ઇવેન્ટ્સ. જો તમે તમારા બાળકની શાળામાં વધુ સહભાગી થવામાં રુચિ ધરાવતા હો તો તમારી શાળામાં વાત કરો, જેમકે સ્વયંસેવક અથવા પેરન્ટ ગવર્નર તરીકે સેવા આપવા વગેરે પ્રવૃત્તિઓ કે જેમાં તમે શાળાને બની શકે તેટલી અસરકારક રાખીને લિડરશીપ ટીમને સહયોગ આપી શકશો તેવી તમને ખાતરી હોય તો.
- વર્ક એક્સપેરિયન્સ એ યુવાનો માટે, સામાન્ય રીતે ધોરણ 10 માં એક કાર્યસ્થળે એક અઠવાડિયું વિતાવવાની તક હોય છે. વધુ માહિતી માટે, નીચે કારકિર્દી વિભાગ જુઓ.

## શાળામાં શું થઈ રહ્યું છે તે હું કેવી રીતે જાણું છું?

તમારી શાળા તમારો નિયમિત સંપર્ક કરશે. શાખાઓ આના માટે વિવિધ પ્રકારના સંદેશાવ્યવહારના સ્વરૂપોનો ઉપયોગ કરશે



- શાળાની વેબસાઇટ: શાળાઓ તેમની વેબસાઇટ પર માહિતી શેર કરશે. રજાઓ, શિક્ષક તાલીમ (INSET) દિવસો અને પેરન્ટ્સ ઇવનિંગ જેવી મહત્વપૂર્ણ તારીખ જાણવા માટે શાળા કેલેન્ડર તપાસો.
- સૂચનાઓ: ટેક્સ્ટ મેસેજ, સોશિયલ મીડિયા (જેમકે, ટ્વિટર) અને પેરેન્ટમેલ જેવી એપ્લિકેશનોનો ઉપયોગ શાળાના ભોજન અને પ્રવાસો માટે ચૂકવણી કરવા માટે પણ થઈ શકે છે
- ઓનલાઇન સિસ્ટમો (જેમકે, Go4Schools): તમે હોમવર્ક, એસેસમેન્ટ અને બિહેવિયર વિશેની માહિતી મેળવી શકો છો
- ઇમેઇલ અને પત્રો: જો તમને ઇમેઇલને એક્સેસ ન હોય તો શાળાને કહો
- પેરન્ટ્સ ઇવનિંગ અને અહેવાલો: તે તમને તમારા બાળકની પ્રગતિ વિશે વધુ જાણકારી આપશે
- મીટિંગો અને ઇન્ફોર્મેશન ઇવનિંગ: શાળાઓ મહત્વપૂર્ણ માહિતી શેર કરવા માટે મીટિંગોનો ઉપયોગ કરશે. જેમકે જી.સી.એસ.ઇ.માં કયા વિષયોનો અભ્યાસ કરવો તે પસંદ કરવા. પ્રશ્નો પૂછવાની આ એક ઉપયોગી તક હોઈ શકે છે.
- સીધો સંદેશાવ્યવહાર: તમે શાળાનો દ્વારા ફોન અથવા ઇમેઇલ દ્વારા સંપર્ક કરી શકો છો, અથવા યોગ્ય જણાય તો શિક્ષક સાથે મીટિંગનું આયોજન કરી શકો છો


કોપિરાઇટ © બેલ એજ્યુકેશન ટ્રસ્ટ લિમિટેડ (બેલ ફાઉન્ડેશન તરીકે કાર્યરત) ઓક્ટોબર 2020

## 5. શાળા મારી પાસેથી શું અપેક્ષા રાખશે?

માતાપિતા તરીકે, તમારી પાસેથી આટલી અપેક્ષા રાખવામાં આવશે:

- તમારા બાળકને દરરોજ અને સમયસર શાળાએ મોકલો, સિવાય કે તેઓ બીમાર હોય, તેમની એપોઇન્ટમેન્ટ હોય કે ધાર્મિક રજા હોય. તમારું બાળક કેમ ગેરહાજર છે તે જણાવવા માટે બની શકે તો શાળાને અગાઉથી જાણ કરો.
- તમારા બાળકોને ફક્ત શાળાની રજાઓમાં જ રજા પર લઈ જાઓ. જો તમે ચાલુ સત્ર દરમિયાન તમારા બાળકોને રજા પર લઈ જવા માંગતા હો તો, તો તમારે દંડ ભરવો પડી શકે છે. વધુ જાણકારી મેળવવા માટે શાળાનો સંપર્ક કરો અથવા આ વેબસાઇટ પર જાવ: **https://www.gov.uk/school-attendance-absence**
- તમારા બાળક અથવા કુટુંબની કોઈ મહત્વપૂર્ણ ઘટનાઓ અથવા સંજોગો વિશે શાળાને કહો. જો તમને સહાયની જરૂર હોય તો તેઓ તમને ટેકો આપવા માટે તેમનાથી બનતો પ્રયાસ કરશે.
- તબીબી વિગતો અને સંપર્ક વિગતો જેવી માહિતી પ્રદાન કરો. જો આ માહિતી બદલાય તો તેની તમારે શાળાને જાણ કરવી જરૂરી છે.



- તમારા બાળકને શાળા પ્રવાસે જવાની મંજૂરી, ફોટોગ્રાફ્સ લેવા વગેરેની મંજુરી માટે સંમતિ પત્રક ભરો
- શાળાની નીતિઓને સહયોગ આપો, જેમકે, વર્તન અને ઇન્ટરનેટનો યોગ્ય ઉપયોગ. તમે શાળાની વેબસાઇટ પર શાળાની નીતિઓ વિશેની માહિતી મેળવી શકો છો. તમને અને તમારા બાળકને પુરસ્કારો અને પ્રતિબંધો વિશે જણાવવામાં આવશે. તમારા બાળક પાસે શાળાનું ઇમેઇલ એકાઉન્ટ હશે અને તેમને મળતી ઇન્ટરનેટની સુવિધાનો સુરક્ષિત અને યોગ્ય ઉપયોગ કરવો પડશે.
- તમારા બાળકને તેમના હોમવર્કમાં સહાય કરો. તમારા બાળકના શિક્ષણને કેવી રીતે ટેકો આપવો તે વિશે વધુ વિચારો માટે **અહીં જુઓ**.

## 6. શાળામાં કોનો શું હોદ્દો છે?

ફોટોગ્રાફ્સ અને સ્ટાફના સભ્યોના નામ જોવા માટે સ્કુલ પ્રોસ્પેકટસ અથવા શાળાની વેબસાઇટ જુઓ; કેટલીકવાર તેને શાળાના પ્રવેશદ્વાર પર પણ મુકવામાં આવે છે.

શાળાને પૂછો કે કયા સ્ટાફ સભ્યો તમારા બાળક સાથે કામ કરશે. આમાં સામેલ હોઈ શકે છે:



- વરિષ્ઠ લિડર - જેમકે, આચાર્ય, ઉપ અને સહાયક આચાર્યો
- ઓફિસ સ્ટાફ - જેમકે શાળાના રિસેપ્શનિસ્ટ
- અધ્યાપન સ્ટાફ - જેમકે, વર્ગ શિક્ષક અને સહાયક શિક્ષક
- પેસ્ટોરલ સ્ટાફ - જેમકે યર લિડર્સ, ફોર્મ ટ્યુટર, લર્નિંગ મેન્ટર
- નિષ્ણાત સ્ટાફ – જેમકે ઇ.એલ. શિક્ષકો (વધારાની ભાષા તરીકે અંગ્રેજી), SENDCo (સ્પેશિયલ એજ્યુકેશનલ નિડ્સ એન્ડ ડિસેબિલિટિઝ કો-ઓર્ડિનેટર), ડેઝિગ્નેટેડ સેફગાર્ડિંગ લીડ શિક્ષક (ડી.એસ.એલ.)

## 7. શાળામાં શું શીખવવામાં આવે છે અને કઈ પરીક્ષાઓ લેવામાં આવે છે?

સામાન્ય રીતે વિદ્યાર્થીઓ વર્ષ 11ના મે અને જૂનમાં રાષ્ટ્રીય પરીક્ષા આપશે. મોટાભાગના વિદ્યાર્થીઓ જી.સી.એસ.ઈ.ની પરીક્ષા (જનરલ સર્ટિફિકેટ ઓફ સેકન્ડરી એજ્યુકેશન)નીમ બેસશે.

તમારું બાળક કયા ફેઝ, સ્ટેજ અને વર્ષ જૂથમાં રહેશે અને તે કઇ એસેસમેન્ટ / ટેસ્ટ / પરીક્ષાઓ આપશે તે જાણવા કૃપા કરીને નીચે આપેલા કોષ્ટકને જુઓ:

| ફેઝ | સ્ટેજ | વર્ષ જુથ | વય શ્રેણી | એસેસમેન્ટ/ટેસ્ટ/ પરીક્ષાઓ | વિષયોનો અભ્યાસ કર્યો |
|---|---|---|---|---|---|
| માધ્યમિક | કી સ્ટેજ 3 | વર્ષ 7<br>વર્ષ 8<br>વર્ષ 9 | 11-12<br>12-13<br>13-14 | વર્ષ 7ની શરૂઆત અને પહેલેથી નિયમિત કે.એસ.3ઃજ્ઞાનાત્મક એસેસમેન્ટ ટેસ્ટ (સી.એ.ટી.)<br><br>ચાલુ ઇન્ટર્નલ એસેસમેન્ટ્સ | અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન<br>ડિઝાઈન અને ટેકનોલોજી<br>ઇતિહાસ, ભુગોળ<br>ધાર્મિક અભ્યાસો(આર.એસ.)<br>કલા, ડિઝાઇન અને ટેકનોલોજી (ડી.ટી.), સંગીત, નાટક<br>શારીરિક શિક્ષણ<br>કોમ્પ્યુટિંગ, સિટિઝનશીપ, ભાષાઓ |
| | કી સ્ટેજ 4 | વર્ષ 10<br>વર્ષ 11 | 14-15<br>15-16 | ચાલુ ઇન્ટર્નલ એસેસમેન્ટ્સ<br><br>વર્ષ 11ના મે/જુનઃ જી.સી.એસ.ઈ. (જનરલ નું પ્રમાણપત્ર સેકન્ડરી એજ્યુકેશન) અને સમકક્ષ પરીક્ષાઓ | મુખ્ય વિષયો: અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન<br>વૈકલ્પિક વિષયો અલગ અલગ હોય છે શાળાઓ વચ્ચે. તેઓ<br>ભૂગોળ, ઇતિહાસ સહિત, આર.એસ., કોમ્પ્યુટર સાયન્સ,<br>પી.ઈ., વ્યવસાયિક અધ્યયન,<br>ચાઇલ્ડકેર, ડીટી, સર્જનાત્મક મીડિયા. તમારી શાળા પાસેથી માંગો સંપૂર્ણ યાદી. |

વધુ વિગતો માટે જુઓ **https://www.gov.uk/national-curriculum**

### શું મારું બાળક દરેક વિષયમાં પરીક્ષા આપશે?

સામાન્ય રીતે બાળકો વર્ષ 11 ના અંતમાં રાષ્ટ્રીય પરીક્ષાઓ (જી.સીએસ.ઈ.) માં બેસે છે. તેઓ દરેક વિષયમાં પરીક્ષા આપશે નહીં. મુખ્ય વિષયો છે: અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન. બધા વિદ્યાર્થીઓએ આ વિષયોનો અભ્યાસ કરવો જરૂરી છે. વધુમાં, વિદ્યાર્થીઓ સામાન્ય રીતે વધારાની પાંચ વિષયોની પરીક્ષાઓ આપે છે.

કી સ્ટેજ 3 (વર્ષ 8 અથવા વર્ષ 9) ના અંતે શાળા તમારા બાળકને તેમની અંતિમ પરીક્ષાઓ માટે કયા અન્ય વિષયોનો અભ્યાસ ચાલુ રાખવો તે પસંદ કરવામાં મદદ કરશે. આમાં જી.સી.એસ.ઇ. વિષયો (જેમકે, ભૂગોળ અથવા ડિઝાઇન અને ટેકનોલોજી) અથવા બી.ટી.ઇ.સી. (વ્યાપાર અને તકનીકી શિક્ષણ પરિષદ) વિષયો (દા.ત. વ્યાપાર અધ્યયન અને રમત) સામેલ હોઇ શકે છે.


કોપિરાઇટ © બેલ એજ્યુકેશન ટ્રસ્ટ લિમિટેડ (બેલ ફાઉન્ડેશન તરીકે કાર્યરત) ઓક્ટોબર 2020

કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓને તેમની પ્રથમ ભાષામાં જી.સી.એસ.ઇ.ની પરિક્ષામાં બેસવાની પણ વ્યવસ્થા કરે છે, જોકે દરેક ભાષા ઉપલબ્ધ નથી. અરબી, ચાઇનીઝ, ઉર્દુ, ગુજરાતી અને ઇટાલિયન વગેરે જી.સી.એસ.ઇ.માં ઉપલબ્ધ કેટલીક ભાષા છે. એવું કંઇક જે તમે તમારા બાળકને કરવા માંગતા હો તો તમારી શાળાને પૂછો.

તમારા બાળક સાથે તેમની રુચિઓ અને ભવિષ્ય માટેની તેમની યોજનાઓ વિશે વાત કરો. જેમાં તેમને રસ હોય અને તે તેમના ભવિષ્ય માટે ઉપયોગી હોય એવા વિષયોની પસંદગી કરવી જરૂરી છે. તમારા બાળકના વિકલ્પો અને સહાયતા માટે શું ઉપલબ્ધ થશે તે વિશે તમારી શાળા સાથે વાત કરો.

## 8. મારા બાળકને શેની જરૂર પડશે?



- પૂર્ણ શાળા ગણવેશ: ઇંગ્લેંડની મોટાભાગની માધ્યમિક શાળાઓએ બાળકોના શાળા ગણવેશ નિર્ધારિત કર્યા છે. તમારા બાળકની શાળા શું પહેરવું અને તમે તે ક્યાંથી ખરીદી શકશો તેની યાદી આપશે. પૂછો કે જો તમારી પાસે પૂરતા પૈસા ન હોય તો શાળા ખર્ચમાં સહાય કરી શકે છે કે નહી.
- આયોજક. મોટાભાગની શાળાઓ દર વર્ષે વિદ્યાર્થીઓને પોતાને આગળ આવવામાં સહાય માટે પુસ્તક આપે છે.
- થેલી, પેન સાથે પેન્સિલ કેસ વગેરે.
- કેલ્ક્યુલેટર અને ગણિતના અન્ય સાધનો
- જ્યારે જરૂરી હોય તો સંપૂર્ણ પી.ઇ. (શારીરિક શિક્ષણ) કીટ. શાળા તમને શું જરૂરી છે તે કહેશે કારણ કે તેમાં શાળાનો લોગો હોય એવા રમતગમતનાં કપડાં સામેલ હોઇ શકે છે.
- લંચ અથવા ભોજન ખરીદવા માટે પૈસા. ઘણી શાળાઓમાં સંપર્ક વિનાની ચુકવણી સિસ્ટમ હોય છે; ઓફિસ સ્ટાફ તેની ગોઠવણ કરવામાં મદદ કરી શકશે. જો કુટુંબને કેટલાક લાભો મળતા હોય તો કેટલાક બાળકો નિશુલ્ક શાળા ભોજન (એફ.એસ.એમ.) પણ મેળવી શકે છે; વધુ વિગતો માટે તમારી શાળામાં પૂછો અથવા **https://www.gov.uk/apply-free-school-meals** પર જુઓ



- જો તમારું બાળક બસ, ટ્રામ અથવા ટ્રેન દ્વારા શાળાએ જતું હોય તો ટ્રાવેલ પાસ અથવા મુસાફરીના પૈસા શાળાથી બે માઇલથી વધુ અંતરે રહેતા બાળકોને મફત બસ પાસ મળી શકે છે.

  **https://www.gov.uk/help-home-school-transport** પર જઈને તમે મફત બસ પાસ માટે હકદાર છો કે નહીં તે જાણી શકો છો. કેટલાક બાળકો કે જે પરિવહનની સમસ્યા અથવા કોઇ વિશેષ શૈક્ષણિક જરૂરિયાતને લીધે શાળાએ જઇ શકતા નથી, તેઓને શાળામાં મફત પરિવહન આપવામાં આવશે, મોટેભાગે ટેક્સીમાં. વધુ વિગતો માટે જુઓ **https://www.gov.uk/apply-school-transport-for-child-with-special-educational-needs-sen**
- તમારી શાળા પાસેથી તેમની મોબાઇલ ફોન નીતિ વિશે માહિતી મેળવો. કેટલીક શાળાઓ મોબાઇલના ઉપયોગની મંજૂરી આપતી નથી અને જો વિદ્યાર્થીઓ શાળામાં મોબાઇલનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરે તો તેમને જપ્ત કરી શકે છે.

## 9. વિદ્યાર્થીઓને જરૂરી હોય એવો વધારાનો સપોર્ટ કયો છે?

- પેસ્ટોરલ સપોર્ટ: બધી શાળાઓમાં જેમને મિત્રતા, માનસિક સ્વાસ્થ્યના પ્રશ્નો અથવા ચિંતાની લાગણી જેવી કોઇ સમસ્યા હોય તેવા બાળકોને મદદ કરવા માટે એક ટીમ હોય છે. જો તમારા બાળકને કોઇ સમસ્યા અથવા ચિંતા હોય તો ફોર્મ ટ્યૂટર અથવા યર લીડરને કહો.
- બધી શાળાઓમાં ડેઝિગ્નેટેડ સેફગાર્ડિંગ લીડ હોય છે જે શાળામાં અથવા બહાર તેમની સલામતીને લગતી કોઇ ગંભીર ચિંતા હોય તો તમારા બાળકને ટેકો આપશે.
- અંગ્રેજી ભાષાનું સમર્થન: મોટાભાગની શાળાઓ જ્યા જરૂર હોય ત્યાં અંગ્રેજી ભાષાના વિકાસ માટે મદદ કરશે. તે સામાન્ય રીતે વર્ગમાં અન્ય વિદ્યાર્થીઓ સાથે થશે.
- લર્નિંગ સપોર્ટ: જ્યારે જરૂરી હોય ત્યારે બધી શાળાઓ ભણતર સાથે વધારાની સહાય પૂરી પાડશે. જો તમને લાગે કે તમારા બાળકને તેમના ભણતરમાં સપોર્ટની જરૂર હોય તો શાળાને કહો. SENDCo (વિશેષ શૈક્ષણિક જરૂરિયાતો અને વિકલાંગોના કો-ઓર્ડિનેટર) તમારા બાળકની મુલાકાત કરશે, તેમની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરશે અને શ્રેષ્ઠ સપોર્ટ પ્રદાન કરશે. તેઓ તમારા બાળકને કોઇ જરૂરિયાત હોય તો તમને કહેશે અને તમને કેવી રીતે શાળા તમારા બાળકને મદદ કરી શકે છે તે વિશે વાત કરવા શાળામાં જવા કહેશે. અહીં માતાપિતા અને સંભાળ લેનારાઓ માટે સહાયક માર્ગદર્શિકા છે:
  **https://www.gov.uk/government/publications/send-guide-for-parents-and-carers**
- બાહ્ય એજન્સીઓ: વધારાના સહાયની જરૂર હોય તેવા બાળકોને ટેકો આપવા માટે શાળાઓ અન્ય વ્યાવસાયિકો જેવા કે ડૉક્ટર, શરણાર્થી એજન્સીઓ અને શૈક્ષણિક નિષ્ણાતો સાથે મળીને કામ કરે છે. સ્કુલ તમને તમારા બાળકને જરૂરી વધારાના ટેકો વિશે જણાવશે.
- વિદ્યાર્થી પ્રીમિયમ: તમામ શાળાઓ આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓને સહાય માટે વધારાનો ફંડ મેળવે છે. આ નાણાંનો ઉપયોગ વિદ્યાર્થીઓને શાળામાં સારો દેખાવ કરવા અને શાળા જીવનમાં સંપૂર્ણ રીતે જોડાવામાં મદદ માટે કરવામાં આવે છે.
- નાણાકીય સહાય: શાળાઓ કેટલાક ખર્ચમાં મદદ કરી શકે છે, દાખલા તરીકે, સ્કુલ યુનિફોર્મ, સ્કુલ પ્રવાસ, સાધનો વગેરે. જો તમને કોઇ ખર્ચમાં મદદની જરૂર હોય તો શાળાને કહો.
- કારકિર્દી સલાહ અને આગળ શિક્ષણ: તમામ શાળાઓમાં કારકિર્દી સલાહકાર હોય છે જે તમારા બાળકને એ વિચારવામાં મદદ કરશે કે તેઓ શાળા છોડતી વખતે શું કરવા માંગે છે. તેઓ તમારા બાળકને આમાં મદદ કરશે:
  - જી.સી.એસ.ઇ.માં કયા વિષયોનો અભ્યાસ કરવો તે પસંદ કરવું. વર્ષ 8 અથવા 9ના અંતે વિકલ્પો પસંદ કરવામાં આવે છે.
  - યોગ્ય કાર્ય અનુભવ પ્લેસમેન્ટ શોધવું. તમામ શાળાઓ કાર્ય અનુભવ પૂરો પાડતી નથી. વધુ માહિતી માટે તમારી શાળાનો સંપર્ક કરો.
  - ધોરણ 11 પછી કોલેજ અને અભ્યાસક્રમો વિશેની માહિતી મેળવો. 18 વર્ષ ના થાય ત્યાં સુધી, યુવાનોથી શિક્ષણ કે તાલીમમાં રહેવાની અપેક્ષા કરવામાં આવે છે. તમે વધુ માહિતી અહીથી મેળવી શકો છો:
    **https://www.gov.uk/browse/education/find-course**

## 10. હું મારા બાળકને શીખવામાં કેવી રીતે મદદ કરી શકું?

**આ પત્રિકામાં** તમારા બાળકને શીખવામાં કેવી રીતે મદદ કરવી તે માટેના ઘણા વિચારો છે.


કોપિરાઇટ © બેલ એજ્યુકેશન ટ્રસ્ટ લિમિટેડ (બેલ ફાઉન્ડેશન તરીકે કાર્યરત) ઓક્ટોબર 2020